# સમાન નાગરિક ધારા માટે ચાર સભ્યોની સમિતિ બનશે

## સરકાર આગામી કેબીનેટ બેઠકમાં સમિતિની રચના અંગે ચર્ચા કરી પોતાના નિર્યણની જાહેરાત કરશે : સમિતિ બનાવવાની સત્તા મુખ્યમંત્રીને સોંપાઈ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ પોતાની સૌથી જૂની માંગનો અમલ કરવા જઈ રહ્યું છે. અત્યારે દેશમાં દરેક ધર્મના લોકોને તેમના ધાર્મિક નિયમો અનુસાર વારસાઈ, મિલકત, લગ્ન, છુટાછેડા જેવા મામલે અલગ અલગ નિયમો લાગુ પડે છે. આ નિયમોના બદલે ધર્મ કોઈપણ હોય પણ દરેક નાગરીકોને સમાન હક્ક મળે એવી વિચારણા સમાન નાગરિક ધારામાં કરવામાં આવે છે. ગુજરાતના મંત્રી મંડળે સમાન નાગરિક ધારા માટે ઓછામાં ઓછા ૪ સભ્યોની સમિતિ બનાવા માટે મુખ્યમંત્રીને સત્તા આપતો એક ઠરાવ આજે પસાર કર્યો હતો.

રાજ્યના મંત્રી મંડળના આ નિર્ણયની જાહેરાત કેન્દ્રના કૃષિ રાજ્ય મંત્રી પુરુસોત્તમ રૂપાલાએ કરી હતી.

મે ૨૦૨૨માં ચૂંટણી પહેલા ઉત્તરાખંડ રાજ્યમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ રંજના પ્રકાશ દેસાઈના વડપણ હેઠળ એક પાંચ સભ્યોની સમિતિ નીમી હતી. આ સમિતિ રાજ્યમાં આ પ્રકારે સમાન હક્ક આપવા માટેના વિકલ્પ વિચારવા અંગે અને સમાન નાગરિક ધારો અમલમાં આવી શકે કે નહી તે અંગે અહેવાલ તૈયાર કરવા માટે કામગીરી સોંપવામાં આવી હતી. આવી જ રીતે, હવે ગુજરાતમાં પણ રાજ્ય સરકાર આ રીતે એક સમિતિની રચના કરવા વિચારણા કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર આગામી કેબીનેટ બેઠકમાં આ સમિતિની રચના અંગે ચર્ચા કરી પોતાના નિર્યણની જાહેરાત કરશે. ગુજરાત સરકાર હાઈકોર્ટના એક નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ એક સમિતિની રચના કરી આ અંગે અહેવાલ રજૂ કરવા નિર્યણ લઈ શકે એવી શક્યતા છે.

સમાન નાગરિક ધારા માટે વર્તમાન વિવિધ કાયદાઓ અને તેના સંશોધન તેમજ સમાન નાગરિક ધારાનો અમલ કઈ રીતે કરવો તેના અંગે પણ ન્યાયાધીશ અભ્યાસ કરે તેવી શક્યતા છે.

# મોદી આવતીકાલથી ત્રણ દિવસીય ગુજરાતના પ્રવાસે

અમદાવાદ,તા. ૨૯

ફરી એકવાર નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે. ૩૦મી ઓક્ટોબરે વડાપ્રધાન દિલ્હીથી વડોદરા એરપોર્ટ પર આવશે. જ્યાં લેપ્રસી ગ્રાઉન્ડ ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે. જેમાં તેઓ આઈએએફ ટ્રાન્સપોર્ટ એરક્રાફટ મેન્યુફેક્ચરિંગ પ્લાનનું ખાત મુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ કરોડોના વિકાસ કાર્યોની ભેંટ આપશે. આ પ્રવાસ દરમિયાન તેઓ આઈએએફ ટ્રાન્સપોર્ટ એરક્રાફટ મેન્યુફેક્ચરિંગ પ્લાનનું ખાત મુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ કેવડિયા જશે અને સર્કિટ હાઉસ કેવડિયામાં રાત્રિ રોકાણ કરશે. પીએમ મોદીની મુલાકાત ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઇ શકે તેવી શક્યતા જોવાઈ રહી છે. ત્યારબાદ તેઓ રાષ્ટ્રીય એક્તા દિવસ પર ૩૧ ઓક્ટોબરે સવારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે જશે જ્યાં પુષ્પાંજલિ કાર્યક્રમમાં તેઓ ભાગ લેશે. તેઓ રાષ્ટ્રીય એક્તા દિવસ પરેડ સાથે જોડાશે. બાદ તેઓ ફરી વડોદરા એરપોર્ટ પહોંચશે. વડોદરાથી તેઓ અમદાવાદ એરપોર્ટ આવવા રવાના થશે અને ત્યાંથી તેઓ થરાદ પહોંચશે.અહીં તેઓ વિવિધ વિકાસ કાર્યાના ખાતૂહૂર્તમાં ભાગ લેશે, ત્યારબાદ તેઓ ગાંધીનગર આવશે. બાદ વડાપ્રધાન મોદી હેલિકોપ્ટરમાં રાજસ્થાન અને ગુજરાતની બોર્ડર પર આવેલી માનગઢ હિલની મુલાકાત રહેશે.

### સ્પોર્ટ્સ ક્વોટાની સીધી ભરતી માટે

# પોસ્ટ દ્વારા પ્રમાણપત્રોની ખરાઈ માટે ગાઈડલાઈન જાહેર

ગાંધીનગર, તા.૨૯

ભારતીય પોસ્ટ દ્વારા સ્પોર્ટસ ક્વોટાની સિધિ ભરતીની જાહેરાત આપવામા આવેલ છે. આ ભરતીમા કોઈ જાતની લેખિત, મૌખિક કે અન્ય પ્રકારની કોઈપણ કસોટી વિના પ્રમાણપત્રોની ચકાસણી કરી સિધિ નિમણૂક આપવામા આવશે. આ માટે સ્પોર્ટસ ક્વોટાની ભરતી માટે ભારત સરકારના ડી.ઓ.પી.ટી. વિભાગ દ્વારા નક્કી કરવામા આવેલ ૬૪ રમતોના ખેલાડીઓએ વિભાગ દ્વારા નિયત કરેલ ફોર્મમા પ્રમાણપત્ર આપનાર જેતે અધિકારી પાસે પ્રિ-વેરીફિકેશન કરાવી સહીસિક્કા સાથેના ફોર્મ ઓનલાઈન અપલોડ કરી અરજી કરવાની છે. જેમા ઈન્ટરનેશનલ સ્પર્ધામા ભાગ લીધેલ સ્પર્ધાના પ્રમાણપત્રો નેશનલ એસોસીએશનના પ્રમુખ / મંત્રી પાસે, રાષ્ટ્રીય કક્ષાના પ્રમાણપત્રો સ્ટેટ એસોસીએશનના પ્રમુખ / મંત્રી પાસે, યુનિવર્સીટીના પ્રમાણપત્રો યુનિવર્સીટીના સ્પોર્ટસ વિભાગમાથી, શાળાકીય સ્પર્ધાના પ્રમાણપત્રો રાજ્ય સરકારના રમતગમત વિભાગના સક્ષમ અધિકારી પાસે અને જાતીના પ્રમાણપત્રો જે તે જિલ્લાના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ પાસે ખરાઈ કરાવવાના છે. જેમા પ્રમાણપત્રોની નિયત ફોર્મેટમા ખરાઈ કરાવવામા અરજદાર રમતવીરોને જાતીના પ્રમાણપત્રોની ખરાઈ કરાવવામા ખુબજ તકલીફ પડે છે. મોટાભાગના જિલ્લાઓમાથી પ્રમાણપત્રની ખરાઈ કરી આપવામા આવતી નથી જેને કારણે સિધ્ધિઓ ધરાવતા રમતવીરો લાભથી વંચિત રહી ગયા હોય તેવુ અગાઉ પણ બન્યુ છે. સમય મર્યાદામા અરજી કરવાની હોઈ કલેક્ટર કચેરી દ્વારા ખેલાડીઓને અગવડતા ન પડે અને જાતીના પ્રમાણપત્રોની ખરાઈ નિયત નમુનામા ઝડપથી થાય તે માટે દરેક જિલ્લાના કલેક્ટર દ્વારા આ કામગીરી માટે અધિકારીઓની નિયુક્તિ કરી પ્રમાણપત્ર વેરીફિકેશનની કામગીરી ઝડપથી કરી આપવા માટે રાજ્યના રમતગમત અગ્રણી ભરતજી ઠાકોર દ્વારા મુખ્યમંત્રી, રમતગમત મંત્રી, રમતગમત વિભાગ અને દરેક જિલ્લાના કલેક્ટરને રજુઆત કરી છે.

# દિવાળીમાં એરપોર્ટે પર સૌથી વધુ પેસેન્જર ટ્રાફિક નોંધાયો

## પેસેન્જરનો આંક એક જ દિવસના ૩૨ હજારથી વધુ વટી ગયો : કાર્ગોનો લોડ ૨૦૦ ટનથી વધુ નોંધાયો : પહેલીવાર સપ્તાહના બે લાખ મુસાફરો નોંધાયા

ગાંધીનગર, તા.૨૯

ચાલુ વર્ષે તહેવારોની મોસમમાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરો અને કાર્ગો અવરજવરની સંખ્યા ઓલટાઈમ હાઈ થઈ છે. કેટલાક દિવસોમાં તો પેસેન્જર લોડ ૩૨ હજારને વટાવી ગયો છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ગયા અઠવાડિયે બે લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી તેમજ એક જ દિવસમાં કાર્ગોની અવરજવર ૨૦૦ટનને વટાવી ગઈ છે જે અત્યાર સુધીની સર્વાધિક છે. એસવીપીઆઈ એરપોર્ટે તહેવારોની મોસમના પીક અવર્સ દરમિયાન પણ મુસાફરોને શ્રેષ્ઠ અનુભવ મળી રહે તે માટે કોઈ કસર બાકી રાખી નથી. એરપોર્ટ પર મુસાફરો માટે લાઈવ મ્યુઝિક પર્ફોર્મન્સ, એન્ગેજમેન્ટ એક્ટિવિટી ઝોન અને દિવાળીની અનોખી સજાવટ જેવી અનેક આશ્ચર્યજનક પ્રવૃત્તિઓ આદરી હતી. પીક અવર્સ દરમિયાન જીવંત ભારતીય શાસ્ત્રીય વાદ્ય સંગીત મુસાફરોને પીરસવામાં આવ્યું. પીએ સિસ્ટમ પર ખાસ રચાયેલ રાગ આધારિત સંગીત વગાડવામાં આવ્યું. મુસાફરોના મૂડને હળવો રાખવા અને મુસાફરીના અનુભવને બહેતર બનાવવા માટે થેરાપિસ્ટ દ્વારા ખાસ સંગીત બનાવવામાં આવ્યું હતું.



તાજેતરમાં એસવીપીઆઈ એરપોર્ટ પર આઈએલબીએસ સિસ્ટમ અપગ્રેડ થવાથી તહેવારોના સપ્તાહમાં દરરોજ ૩૨હજારથી વધુ મુસાફરોને હેન્ડલ કરવામાં મદદ મળી છે. નવી સિસ્ટમને હેન્ડલ કરવા તમામ એરલાઈન સ્ટાફને પુરતી તાલીમ આપવામાં આવી હતી તેમજ સરળ કામગીરી માટે એસઓપી પણ મૂકવામાં આવ્યા હતા. બેગેજ હેન્ડલિંગ સિસ્ટમમાં સુધારાથી તેની ક્ષમતામાં સો ટકાનો સુધારો થયો છે. મુસાફરોના અનુભવ અને ઝડપી ચેક-ઈન પ્રક્રિયાને વધારવા માટે એરપોર્ટે ૬ નવા ચેક-ઈન કાઉન્ટર ઉમેર્યા છે. સરળ અને સીમલેસ પેસેન્જર મુસાફરીને સુનિશ્ચિત કરવા ઉપરાંત એસવીપીઆઈ એરપોર્ટે ૨૦૦ટનથી વધુ કાર્ગો હેન્ડલ કરીને એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. છેલ્લા એક જ વર્ષમાં એસવીપીઆઈ એરપોર્ટ પર એક સમર્પિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કાર્ગો ટર્મિનલ બનાવવામાં આવ્યું છે.

# વંદે ભારત ટ્રેન સાથે ગાય ટકરાઈ, એન્જિનને નુકશાન

## અકસ્માતમાં વંદેભારત ટ્રેનનો આગળનો ભાગ તૂટ્યો : ટ્રેનના એન્જિન નજીક નીચે ભાગમાં પણ નુકસાન થયું



વલસાડ, તા. ૨૯

વડા પ્રધાને થોડા સમય પહેલા જ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી ત્યારબાદ પાટા પર દોડતી થયેલી વંદેભારત ટ્રેનને સતત અકસ્માતનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આજે વલસાડના અતુલ નજીક ત્રીજી વખત વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો હતો. ટ્રેન સાથે ગાય અથડાતા ટ્રેનનો આગળનો ભાગ તૂટી ગયો હતો અને ટ્રેનના એન્જિનને પણ નુકશાન થયું છે. વલસાડના અતુલ નજીક આ ઘટના બની હતી. વંદે ભારત ટ્રેન સાથે ગાય અથડાઈ હતી જેથી ટ્રેનને મોટું નુકસાન પહોંચ્યું છે. ટ્રેનને અકસ્માત નડતા જ રેલવે વિભાગના અધિકારીઓ દોડતા થયા હતા. અકસ્માતમાં વંદેભારત ટ્રેનનો આગળનો ભાગ તૂટ્યો છે. તો ટ્રેનના એન્જિન નજીક નીચે ભાગમાં પણ નુકસાની થઈ છે. વંદે ભારત ટ્રેનને આ ત્રીજો અકસ્માત નડ્યો છે. આ અગાઉ ટ્રેન શરૂ થયાના ચાર દિવસમાં જ વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો છે. આ જ મહિનામાં ૬ ઓક્ટોબરના રોજ અમદાવાદથી વટવા વચ્ચેના રુટમાં ચાર ભેંસ વચ્ચે આવી જતા ટ્રેનના આગળના ભાગે નુકસાન થયું હતું.

# પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા આમ આદમી પાર્ટીમાં જોડાશે

## ગુજરાતની રાજનીતિના સમીકરણ બદલાશે : ભાવનગરના ગારિયાધાર ખાતે કેજરીવાલની સભામાં અલ્પેશ સાથે ધાર્મિક માલવિયા પણ આપમાં જોડાશે


અમદાવાદ, તા.૨૯

પાટીદાર અનામત આંદોલનનો વધુ એક મોટો ચેહરો રાજકારણમાં ઝંપલાવવા જઈ રહ્યો છે. પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા આવતી કાલે આમ આદમી પાર્ટીમાં જોડાશે. ભાવનગરના ગારિયાધાર ખાતે કેજરીવાલની સભામાં અલ્પેશ સાથે ધાર્મિક માલવિયા પણ આપમાં જોડાશે.

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે છે. ત્યારે આવતીકાલે ગારિયાધરમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની સભામાં અલ્પેશ કથીરિયા આપમાં જોડાઈ તેવું જાણવા મળી રહ્યું છે. અલ્પેશ કથિરીયા પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલના સાથી રહી ચૂક્યા છે અને સમાજમાં આગવી ચાહના ધરાવતા હોવાથી AAPને આગામી ચૂંટણીમાં સારો ફાયદો થઇ શકે છે. નોંધનીય છે કે, અલ્પેશ કથિરિયાના આપમાં જોડાવાથી રાજનીતિના સમીકરણ બદલાશે. વર્ષ ૨૦૧૭ની ચૂંટણી વખતે અલ્પેશ કથીરિયા ભાજપમાં જોડાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. ત્યારે હવે વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પહેલાં તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

ગુજરાત હાઈકોર્ટે ૧૫ જુલાઈએ અલ્પેશ કથિરીયાનાં જામીન મંજુર કર્યા હતા. જેથી અલ્પેશ કથિરીયા જેલ મુક્ત થયો હતો. મહત્વનું છે કે, અગાઉઁ છછજી કન્વીનર અલ્પેશ કથીરિયા ભાજપમાં જોડાઈ શકે છે તેવી શક્યતા સેવાઈ હતી. અગાઉ કોંગ્રેસમાં જોડાવાની વાતે પણ જોર પકડયું હતું. તેવામાં અલ્પેશ કથીરિયાએ આ વાત પર ખુલાસો કરીને ભાજપમાં જોડાવાની વાત માત્ર અફવા ગણાવી હતી.

## સરદાર જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૯

અખંડ ભારત ના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની તા. ૩૧-૧૦-૨૦૨૨ના રોજ ૧૪૭મી જન્મ જયંતી પ્રસંગે સવારે ૮.૪૫ વાગે વિધાનસભા પટાંગણમાં પુષ્પાંજલિ કાર્યક્રમમાં પધારવા સમાજના પ્રમુખ જશવંતભાઈ એસ. પટેલ અને મહામંત્રી ઉરેન પટેલે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# જાહેરમાં ફાયરિંગ કરનારી યુવતીને લોકઅપની હવા ખાવાનો વારો આવ્યો

## અમદાવાદના રામોલ વિસ્તારની ઘટના : સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયામાં એક યુવતી રિવોલ્વર જેવા હથિયાર સાથે ફાયરીંગ કરતી દેખાઈ હતી

અમદાવાદ,તા.૨૯

હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયામાં એક યુવતી રિવોલ્વર જેવા હથિયાર સાથે ફાયરીંગ કરતી દેખાઈ હતી. દિવાળીની રાત્રે આશરે પોણા દસેક વાગ્યાની આસપાસ પોતાના ઘરની સામે ખુલ્લી જગ્યામાં મનોરંજન માટે તેણે તેના પિતા પાસેથી રિવોલ્વર લઈને એક રાઉન્ડ હવામાં ફાયરીંગ કરીને આ વીડિયો બનાવ્યો હતો. જેમાં 'રે છોરી સે પંગા ના લેગા કોઈ' કેપ્શન લખીને ફાયરિંગ કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં અપલોડ થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. દેશમાં સોશિયલ મીડિયામાં અલગ અલગ રીલ્સ જેવા વિડીઓ બનાવવાનો ટ્રેડ શરુ થયો છે. જેમાં લોકો અલગ અલગ જાતની એક્ટિંગ અને એક્શન કરતા જોવા મળતા હોય છે. જો.કે સોશિયલ મીડિયામાંઆવા કેટલાક વિડીઓ જોખમી પણ રહેતા હોય છે. જેના કારણે અનેક વખત માતા પિતાને હેરાન થવાનો વારો પણ આવ્યો છે. ત્યારે આવો જ એક વીડિયો શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી યુવતીએ બનાવ્યો હતો. જોકે તે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં પોલીસએ કાર્યવાહી કરી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયામાં એક યુવતી રિવોલ્વર જેવા હથિયાર સાથે ફાયરીંગ કરતી દેખાઈ હતી. જે



વીડિયોની નીચે લખવામાં આવ્યુ હતું કે 'થેક્યુ પાપા, ફોર ધીસ, ઈટ વોઝએ વન્ડર ફુલ એક્સપીરીયન્સ' 'રે છોરી સે પંગા ના લેગા કોઈ' તેવું લખાણ અંગ્રેજીમાં લખવામાં આવ્યું હતું. પોલીસના ધ્યાનમાં આ બાબત આવતા પોલીસએ અલગ અલગ ટીમો બનાવીને આ યુવતીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં આ યુવતી વસ્ત્રાલમાં રહેતી હોવાનું જાણવા મળતા પોલીસએ તેની પૂછપરછ કરી હતી. હાલ આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસનું જણાવવું છે કે, વાયરલ થયેલ વીડિયો યુવતીએ તેણે જ પોતના પિતાની રિવોલ્વરથી બનાવ્યો હતો. દિવાળીની રાત્રે આશરે પોણા દસેક વાગ્યાની આસપાસ પોતાના ઘર ની સામે ખુલ્લી જગ્યામાં મનોરંજન માટે તેણે તેના પિતા પાસેથી રિવોલ્વર લઈને એક રાઉન્ડ હવામાં ફાયરીંગ કરીને આ વીડિયો બનાવ્યો હતો. જો કે તેના પિતા પાસે આ રિવોલ્વર માટેનું કોઈ લાયસન્સ હતુ કે કેમ તે અંગે પોલીસએ પૂછપરછ શરૂ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે તેના પિતા પાસે રિવોલ્વર માટેનું કોઈ લાયસન્સ હતું નહીં. જેને લઈને પોલીસે બંન્ને વિરુદ્ધમાં ફરિયાદ દાખલ કરીને સમગ્ર મામલે વધુ કાર્યવાહી કરી છે.

### કંપની સમાચાર

# ડીસીએક્સ સિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ ૩૧મીએ ખુલશે

મુંબઈ, તા. ૨૧

ડીસીએક્સ સિસ્ટમ્સ લિમિટેડ ('કંપની') ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ એનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવશે. રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરની આટલી સંખ્યાનો આઈપીઓ રૂ. ૫૦૦ કરોડનું ફંડ ઊભું કરવા માટે રજૂ થશે, જેમાં રૂ. ૪૦૦ કરોડના ફ્રેશ ઈશ્યૂ ('ફ્રેશ ઈશ્યૂ') તથા એનસીબીજી હોલ્ડિંગ્સ ઈંક. દ્વારા રૂ. ૫૦ કરોડ સુધીની તથા વીએનજી ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૫૦ કરોડ સુધીના વેચાણની ઓફર સામેલ છે (ફ્રેશ ઈશ્યૂ સાથે વેચાણ માટેની ઓફર, "ઓફર"). ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૯૭થી રૂ. ૨૦૭ નક્કી કરી છે. દરેક શેરની ફેસ વેલ્યુ રૂ. ૨ છે. બિડ્સ લઘુતમ ૭૨ ઈક્વિટી શેર અને પછી ૭૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

કંપનીએ ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ચોખ્ખા ફંડમાંથી રૂ. ૧૧૦ કરોડનો ઉપયોગ કંપનીના ચોક્કસ ઋણની સંપૂર્ણપણે કે આંશિક રીતે પુનઃચુકવણી/આગોતરી ચુકવણી કરવા, રૂ. ૧૬૦ કરોડનો ઉપયોગ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂર્ણ કરવા, રૂ. ૪૪.૮૮ કરોડનો ઉપયોગ એની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રેનીયલ એડવાન્સ્ડ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ કરીને એના મૂડીગત ખર્ચને પૂર્ણ કરવા અને સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે કરવાની દરખાસ્ત રજૂ કરી છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર થશે. બીઆરએલએમ છે – એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને સેફ્રોન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ.

## દાવેદારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સરોજબેન ઠાકોર, પૂર્વ તા.પં.પ્રમુખ શોભનાબેન વાઘેલા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોર તેમજ ગોવિંદભાઈ વણઝારાએ તેમના દાવા રજુ કર્યા હતા.

ગાંધીનગર ઉત્તર બેઠક માટે ૪૮ ઉમેદવારોએ તેમના દાવા રજુ કર્યા હતા. જેમાં પુર્વ ડે.મેયર નાઝાભાઈ ઘાંઘર, પૂર્વ મેયર રીટાબેન પટેલ, પુર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, પૂર્વ કાઉન્સિલર નીતિન પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, વર્તમાન કાઉન્સીલરો મહેન્દ્ર પટેલ (દાસ), શૈલાબેન ત્રીવેદી, છાયાબેન ત્રિવેદી, પદમસિંહ, રાજુભાઈ પટેલ, પુર્વ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), આશિષ દવે, સહકારી આગેવાન શંકરસિંહ રાણા, કેતનભાઈ પટેલ, ભારતીબેન શુક્લ, દીલીપસિંહ ગોલ, અંબુસિંહ ગોલ, હેમરાજ પાડલીયા, કર્મચારી અગ્રણી ભવાનસિંહ સહિતના આગેવાનોએ રજુઆત કરી હતી.

કલોલ બેઠક માટે જિલ્લા પંચાયત કારોબારી સહિતિના ચેરમેન અનિલ પટેલ, જયેન્દ્રભાઈ કોઠારી, નવીનભાઈ પટેલ (બાપુ), ઠાકોર બળદેવજી અંબાલાલ (રકનપુર), પુર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ઉર્વશીબેન પટેલ, નવીનભાઈ પટેલ (છત્રાલ), ભક્તિભાઈ પ્રજાપતિએ તેમના દાવા રજુ કર્યા હતા.

દહેગામ બેઠક માટે વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, એપીએમસીના સુમેરૂભાઈ અમીન, રોહીતજી ઠાકોર (ભામાશા), જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, કરોલીના હેતલબેન ચૌહાણ, વકીલ ગોપીનાથ અમીન, કડાદરાના કીરીટસિંહ બિહોલા વગેરેએ રજુઆતો કરી હતી.

માણસા બેઠક માટે પણ ૨૦ ઉમેદવારોએ તેમના દાવા રજુ કર્યા હતા. જેમાં પુર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, ગણેશભાઈ ચૌધરી, આજોલના જયંતિભાઈ એસ.પટેલ, માણસાના પટેલ દશરથભાઈ ડાહયાભાઈ, દિનેશ વ્યાસ, માણેકપુરના જગતસિંહ બિહોલા, જિલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલ, બાપુપુરાના અરૂણાબેન ચૌધરી સહિતના અગ્રણીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ બેઠક પર વર્તમાન કાઉન્સિલરો અને પુર્વ કાઉન્સિલરો તેમજ અન્ય આગેવાનોએ બન્ને બેઠકો પર દાવા રજુ કર્યા છે.

પ્રદેશ નિરિક્ષકો દ્વારા તેમનો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવી રહયો છે અને તેઓ યોગ્ય પેનલ બનાવી પોતાના અભિપ્રાય સાથેનો અહેવાલ પ્રદેશ નેતાગીરીને સોંપશે તેમ મનાઈ રહયું છે. જિલ્લા પંચાયતમાં રહી મહત્વનીજવાબદારી સંભાળી રહેલા તેમજ સંભાળી ચુકેલા આગેવાનોએ પણ ટિકિટ માંગી હોવાથી નિરિક્ષકો કદાચ ૧લીએ સાંજ સુધીમાં તેમનો અહેવાલ આપશે તેમ મનાઈ રહયું છે. અહેવાલ તૈયાર કરતા પહેલા સંગઠનની ટીમો તેમજ અપેક્ષિત આગેવાનો સાથે પણ ચર્ચા કરશે તેમ જાણવા મળેલ છે.

## ચમકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી રહી છે. જેના લીધે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં રોજબરોજ બે ડીગ્રીની ચઢ ઉતર નોંધાઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં ધીમે ધીમે ઠંડીની અસર વધતી જાય છે. નગરજનો વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળી રહ્યો છે. દિવાળી પુર્વે જ મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળ્યો હતો મોસમના બદલાતા મિજાજના લીધે નગરજનો છેલ્લા એકાદ સપ્તાહથી ઠંડી ગરમીનો મિશ્ર ઋતુનો એહસાસ કરી રહ્યા છે. જયારે બેવડી ઋતુની અસરથી છેલ્લા કેટલાક સમયથી નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. હવામાન તજજ્ઞોના મતે હવે દિવાળીના અંતે શહેરમાં મોસમનો મિજાજ બદલાશે અલબત્ત રાજયમાં કેટલાક ઠેકાણે વાદળિયુ વાતાવરણ જોવા મળશે જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ગરમીની અસર રહેશે આ ઉપરાંત મોસમમમાં બદલાવની સાથે રાજયના કેટલાક ભાગોમાં માવઠુ થવાની પણ સંભાવના છે. જયારે નવેમ્બર મહીનાથી ઠંડીનુ જોર પ્રમાણમાં વધશે ડિસેમ્બરમાં તો આમ પણ કાતિલ ઠંડી પડે છે. ત્યારે આ વર્ષે પણ ગાંધીનગરમાં ડિસેમ્બર મહીનાના અંતથી ઠંડી આક્રમક અને અસહ્ય બનશે. હાલ લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૬ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. જયારે રોજબરોજના સામાન્ય તફાવતના અંતે વાતાવરણમાં ગુલાબી ઠંડીની અસર વર્તાય છે. જયારે આગામી દિવસોમાં ઠંડીનો પારો પણ સિંગલ ડીઝીટમાં આવી જશે. આજે દિવસ દરમિયાન વાતાવરણ પલ્ટા વચ્ચે પણ ગરમીનુ જોર રહ્યુ હતુ. અલબત્ત મહત્તમ તાપમાન ૩૪. ૬ ડીગ્રી રહેતા નગરજનોએ દિવસના સમયે ઉકળાટનો અનુભવ કર્યો હતો જો કે ઢળતી સાંજ બાદ વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરી હતી.

## રંગ અને વ્યંગ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

- ખૂબ જ અંગત હોય એને લોકો મોબાઈલ કરે છે પણ એ ય જો વ્યસ્ત હોય તો પછી જેવી જેની અનુકૂળતા.....
- લોકો નવા વરસે બહાર નીકળે તો છે પણ બહુ ઉત્સાહ દેખાતો નથી.....
- બધા લોકોના બેસતા વરસના પણ કાર્યક્રમ અગાઉથી ફિક્સ જ હોય છે એટલે કોઇ કોઈની પાસે શાંતિથી બેસતું પણ નથી... --- વોટ્સ અપ ઉપર અને ફેસબુક ઉપર જ શુભેચ્છા સંદેશ મોકલીને લોકો સંતોષ માની લે છે...
- કોઈ કોઈને નાસ્તા કરાવે છે ખરા પણ એ બધા તૈયાર ખરીદ કરેલા જ હોય છે.. જો કે પહેલાંના કરતાં અત્યારે નાસ્તો અને મિઠાઈમાં વેરાયટી ઘણી જોવા મળે છે...
- હોય ત્યારે ભાઈ, સમય સમયકી બાત હે આમ છતાં અમે તો અમારાં સ્મરણો વાગોળીએ છીએ અને મનમાં પ્રસન્નતા રાખીને સહુને મળીએ છીએ અને નવા વરસની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.. તમને પણ નવા વરસની ખૂબ ખૂબ શુભકામનાઓ ...

૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

## પ્રસંગસર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ટાગોરના ભક્તિપાત્ર હતાં, વૈજ્ઞાનિક જગદીશચન્દ્ર બોઝનાં મિત્ર અને માર્ગ-દર્શક હતાં, શિલ્પકાર હેમેલ, અવનીન્દ્રનાથ ઠાકુર અને નંદલાલ બોઝનાં પ્રેરણાદાયી દેવદૂત હતા.

ભારતમાં આજે જે વિદેશીઓ પર ગર્વ કરવામાં આવે છે એમાં ભગિની નિવેદિતાનું નામ પહેલી પંક્તિમાં આવે છે. આયરિશ હોવાને નાતે સ્વતંત્રતા પ્રેમ એમના રક્તમાં હતો. શરુઆતમાં તેઓ ભારત અને બ્રિટને સાથે કામ કરવું જોઈએ એમ માનતા હતા પરંતુ જ્યારે તેમણે ભારતમાં બ્રિટીશ રાજનું આતંકી સ્વરુપ જોયું ત્યારે તે ભારતની આઝ?દીની હમરાહી થઈ આઝ?દીની લડાઈ લડતા દેશભક્તોની ખુલ્લેઆમ મદદ તો કરી જ છે સાથે સાથે સ્ત્રી શિક્ષણ માટે પણ મહત્વનું યોગદાન આપેલ.

તેમનામાં એક આગ હતી અને તે આગ સ્વામી વિવેકાનંદે ઓળખી. સ્વામીજી તેમને ' સિંહણ ' થી સંબોધતા હતા તો રવિન્દ્રનાથ ટાગોર ' લોકમાતા ' અને અરવિંદ ઘોષ ' અગ્નિશીખા.' ઈંગ્લેંડના લોકોમાં તે ' ધ ચેમ્પીયન ફોર ઈંડિયા' તરીકે જાણીતા હતા. પણ બધાથી પર તેઓ ભારતના બહેન હતાં. ઊંડી વાદળી આંખો, ભૂરા વાળ, ઊંચા એવા નિવેદિતા તેમના સરળ સફેદ ઝભ્ભા અને ગરદનમાં રુદ્રાક્ષની માળાના સાથે શુદ્ધતા અને સાદાઈની એક છબી હતા. ભારત અને હિન્દુ ધર્મ માટે સમર્પિત, સરળ અને સંયમી જીવન જીવતા જીવતા ભારતમાતાની આ પવિત્ર દિકરી, ૧૩ ઓક્ટોબર ૧૯૧૧ના રોજ ૪૪ વર્ષની ઉંમરે દાર્જીલિંગ ખાતે હિમાલયની ગોદમાં પરમ શાંતિમાં પોઢી ગઈ. હિંદુ વિધિ પ્રમાણે અંતિમ સંસ્કાર થયો. તે પહેલા એમણે પોતાની સંપત્તિનું વસિયતનામું કરી નાખ્યું. તેમની પાસે જે કંઈ હતુ તે ભારતમાતાને ચરણે સમર્પી દીધું. શાળાના નિભાવ માટે પોતાનાં પુસ્તકોની રોયલ્ટી આપી દીધી. બીજું બધું રામકૃષ્ણ મિશનને આપ્યું કે જેનો ઉપયોગ કન્યા કેળવણી અને નારી જાતિના ઉધ્ધાર માટે કરવામાં આવે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧
sscharan_aaa@yahoo.co.in